# ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા આર્થિક ધિરાણ મંજુર

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગરની નિયામક મંડળની બેઠક તાજેતરમાં મળી હતી. બેઠકમાં ગુજરાતના અનુસૂચિત જાતિના લોકોને વિવિધ યોજનાઓનો લાભ મળે તેની ખુબ વિગતવાર ચર્ચા વિચારણા થયેલ અને નિગમ તરફથી તે અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને નિગમની મહિલા સમૃધ્ધિ, માઈક્રો ફાયનાન્સ, વાહનોના ધિરાણની ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી.

રાજય કક્ષાની પસંદગી સમિતમાં ૫,૬૬૮ અરજીઓ મંજુર કરવામાં આવી છે તે સિવાય અગાઉ છેલ્લા ત્રણ વર્ષમાં ઝવેરભાઈ ચાવડા, ચેરમેનશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અને સમગ્ર બોર્ડના સભ્યશ્રીઓ, શ્રી જીતેન્દ્રભાઈ વાઘેલા, ઉપાધ્યક્ષ, બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓ શ્રી જીવરાજભાઈ ચૌહાણ, શ્રીમતી મધુબેન પરમાર, શ્રી નાથુભાઈ સોસા, શ્રી સામંતભાઈ પરમાર, શ્રી અનિલભાઈ મકવાણા, શ્રી રાજેન્દ્રભાઈ સુતરીયા, શ્રીમતી અનીતાબેન પરમાર, શ્રી રાજેન્દ્ર ચાવડા, શ્રી છગનભાઈ પરમાર, શ્રી પી.કે. પરમાર તેમજ મેનેજીંગ ડિરેકટરશ્રી આર.એમ. જાદવે છેલ્લા ત્રણ વર્ષમાં ૨૩૪૩૫ લાભાર્થીઓને રૂ. ૧૪૫.૬૮ કરોડનું ધિરાણ મંજુર કરવામાં આવ્યું છે.

તાજેતરમાં ચાલુ વર્ષે અંદાજીત ૪૫.૦૦ કરોડનો એકશન પ્લાન બનાવ્યો છે અને તે પ્રમાણેનો લાભ મળે તેવી પણ કાર્યવાહી નિગમ કક્ષાએથી હાથ ધરાયેલ છે.

મુખ્યંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણભાઈ વોરાના માર્ગદર્શન હેઠળ દલિત ભાઈ બહેનોને મોટા પ્રમાણમાં ધિરાણનો લાભ આપી ગરીબી રેખાથી ઉપર લાવવાનો નિગમ તરફથી પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

# આજે કેન્દ્રીય કર્મચારીઓના ડીએમાં વધારાની સંભાવના

નવીદિલ્હી, તા. ૨૬

લોકસભાની ચૂંટણી આડે ખુબ જ ઓછા દિવસો બાકી રહ્યા છે ત્યારે લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય કર્મચારીઓને રાહત આપવાની તૈયારી કરી લેવામાં આવી છે. કેન્દ્રીય કેબિનેટની આવતીકાલે મળનારી બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવી શકે છે. આ બેઠકમાં કેન્દ્રીય કર્મચારીઓના ડીએમાં ૧૦ટકાના વધારાની જાહેરાત કરવામાં આવી શકે છે. હજુ સુધી કેન્દ્રીય કર્મચારીઓને ૯૦ ટકા ડીએ મળે છે. ડીએ એટલે કે મોંઘવારી ભથ્થુ ૧૦૦ ટકા થવાની સાથે જ ૫૦ ટકા હિસ્સો કર્મચારીઓના મૂળભૂત પગાર એટલે કે બેઝિક પગાર સાથે જોડીદેવામાં આવશે. છઠ્ઠા વેતન પંચની ભલામણના આધાર પર આ નિર્ણય કરવામાં આવી રહ્યો છે. આ નિર્ણય આ વર્ષે જાન્યુઆરીથી અમલી બનાવવામાં આવે તેવી શકયતા દેખાઈ રહી છે. દેશમાં હાલ ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારી છે. કેન્દ્ર દ્વારા તાજેતરમાં જ સાતમાં વેતન પંચની રચનાને મંજુરી આપવામાં આવી છે. સાથે સાથે કેન્દ્રીય કર્મચારીઓને વધુ એક રાહત આપવાની જાહેરાત પણ થઈ શકે છે. એમ માનવામાં આવે છે કે સરકાર ચૂંટણીને ધ્યાનમાં લઈને નિવૃત્તિ માટેની



વયને ૬૦ વર્ષથી વધારીને ૬૨ વર્ષ કરવા જઈ રહી છે. એમ માનવામાં આવે છે કે, આવતીકાલે મળનારી બેઠકમાં કેન્દ્રીય કર્મચારીઓની નિવૃત્તિ વયને ૬૦ વર્ષથી વધારીને ૬૨ વર્ષ કરવામાં આવશે. કેન્દ્રીય કેબિનેટની બેઠક ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સાતમાં વેતન પંચની રચનાને લીલીઝંડી આપવામાં આવ્યા બાદથી કર્મચારીઓમાં ભારે આશા જારી છે. ડીએ મર્જ કરવાની માંગ લાંબા સમયથી કરવામાં આવી છે. ડીએમાં ૧૦ ટકાના વધારાની જાહેરાતથી ૫૦ લાખ કર્મચારીઓ અને ૩૦ લાખ પેન્શનરોને સીધો ફાયદો થવાની શક્યતાદેખાઈ રહી છે. સતત બીજી વખત ડીએમાં બે આંકડામાં વધારો કરવામાં આવનાર છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ડીએને વધારીને ૯૦ ટકા કરાયો હતો તે વખતે પણ ડીએમાં ૧૦ ટકાનો વધારો કરાયો હતો. જુલાઈ-૨૦૧૩થી આને અમલી બનાવવાનો નિર્ણય કરાયો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, ડીએમાં વધારાનો આ વર્ષે જાન્યુઆરીથી અમલી બનાવવામાં આવશે. કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ અને અન્ય મોંઘવારીના આંકડાને ધ્યાનમાં લઈને આ વધારો કરવામાં આવનાર છે. ૩૧મી જાન્યુઆરીના દિવસે સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતુ કે, ડિસેમ્બરના મહિના માટે રિટેલ ફુગાવો૯.૧૩ ટકા હતો.





આજે મંદિરોમાં 'હરહર મહાદેવ'નાં પવિત્ર નામથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠશે. સે-૨૨ પંચદેવ મંદિર ખાતે ભરાનાર 'મેળા'નું આગવું જ મહત્વ છે જેની તડામાર તૈયારીઓ ગઈકાલથી જ શરૂ થઈ ગઈ હતી. માનવ મહેરામણ ઉભરાશે. આબાલ સૌ શિવરાત્રીનાં મેળાનો આનંદ લેશે. આ ઉપરાંત શિવરાત્રિના મહાપર્વે નગરજનો ઉપવાસ-આરાદના કરે છે. ઉપવાસમાં ફરાળ માટે શક્કરિયા-બટાકા પણ બજારમાં ઠલવાઈ ગયા છે.
(તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લા સહકારી બોર્ડની ચૂંટણીમાં વિજયી થયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘની બોર્ડ ઓફ ડીરેકટર્સની ગાંધીનગર તાલુકો અને દહેગામ તાલુકાની ચુંટણી કરવામાં આવી હતી. તેમાંથી ગાંધીનગર તાલુકામાં કોદરભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, શ્રી અંબાલાલ ઠાકોર વિજયી બન્યા હતા. દહેગામ તાલુકામાંથી વિનોદભાઈ પટેલ અને ભાવેશભાઈ પટેલ વિજયી બન્યા હતા. નાગરિક બેંક પ્રતિનિધિ તરીકે અશોકકુમાર પટેલ અને ક્રેડિટ મંડળમાંથી પરેશભાઈ પટેલ ત્યાર બાદ કલોલ તાલુકામાંથી નવિનચંદ્ર પટેલ, શ્રી માધાભાઈ ચૌધરી, માણસા તાલુકામાંથી મનુભાઈ પટેલ, શ્રી બેચરભાઈ ચૌધરી, જિલ્લા કક્ષા સંસ્થામાંથી લાલભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, વ્યકિત આજીવન સભાસદમાંથી સુરેશભાઈ પટેલ, મનુભા રાણાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

## મહા શિવરાત્રી નિમિત્તે મહા ઉત્સવ

ગાંધીનગર, તા.૨૬

બાલા હનુમાનજી મંદિર, સેકટર-૨ ખાતે મહા શિવરાત્રી ઉત્સવનું આયોજન આવતીકાલે તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ સવારે ૯ વાગ્યાથી કરવામાં આવ્યું છે.

આ મહા ઉત્સવ નિમિત્તે મહા મૃત્યુજંય મંત્ર, પંચામૃત અભિષેક, દિવાની દિપમાળા, મહાદેવની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાઉત્સવનો લાભ લેવા ભાવિકોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# પત્નિને ઢોર માર મારી હત્યા કરી નાખનાર પતિને આજીવન કેદ

**કલોલમાં બે વર્ષ પહેલા જમવાની બાબતે ઝઘડો કરી ધોકા મારી હત્યા કરી હતી**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનરમાં કલોલ ખાતે સ્થિત ટેલિકોમ મીલ કંપાઉન્ડમાં છાપરુ બાંધી રહેતા પતિએ બે વર્ષ પહેલા જમવા જેવી નજીવી બાબતે ઝઘડો કરી ધોકાથી ઢોર મારી મારી ૨૨ વર્ષીય પત્નીની હત્યા કરી નાંખી હતી. આ કેસ કલોલ બીજા એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલ્યો હતો. સરકારી વકીલની દલીલો તથા તેની સામેના પુરાવાઓ અને સાક્ષીઓ તપાસી જજે પતિને આજીવન કેદની સજા ફટકારી રૂ. ૧૦,૦૦૦ના દંડનો હુકમ ફરમાવ્યો છે.

કલોલ ટેલિકોમ મીલ કંપાઉન્ડ પાસે છાપરામાં રહેતા જીલુભાઈ બોથાભાઈ દંતાણીએ બે વર્ષ પહેલા ૨૪ એપ્રિલ ૨૦૧૨ના રોજ પોતાની ૨૨ વર્ષીય પત્ની ચંદ્રીકાબેન સાથે જમવાની બાબતે ઝઘડો કરીને ધોકા વડે માર મારી હત્યા કરી નાંખી હતી. લાલુભાઈ ભલાભાઈની ફરિયાદના આધારે કલોલ પોલીસે દાખલ કરેલો આ કેસ કલોલ બીજા એડિશનલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલતા સરકારી વકીલની દલીલો તથા તેમની સામેના પુરાવા અને સાક્ષીઓને તપાસવામાં આવ્યા હતા જેમાં ખાસ ડોકટર અને તપાસ અધિકારીની જુબાનીઓ ધ્યાને લઈ જજ જી.એમ. પટેલે આરોપી પતિ જીલુભાઈ દંતાણીને સજા કરવાનો હુકમ ફરમાવ્યો છે. સરકારી વકીલ પ્રિતેશકુમાર વ્યાસે ધારદાર દલીલો કરી હતી. જે જોઈ જજે આરોપી હત્યાના ગુનામાં આજીવન કેદની સજા અને રૂ. ૧૦,૦૦૦ના દંડનો હુકમ ફરમાવ્યો હતો.

## જીવન પર્વ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૬

ધનજીભાઈ ચૌધરીનો જીવન અમૃત ઉત્સવ અને સમાજ દર્શન તા. ૨ માર્ચ રવિવાર મુ.ડાબુ.જી. મહેસાણા ખાતે યોજવામાં આવશે. જીવન અમૃત ઉત્સવ નિમિત્તે સંતવાણી કાર્યક્રમ તા. ૧ માર્ચ શનિવાર રાત્રે ૮-૦૦ કલાકે રાકેશભાઈ ઠાકર રજુ કરશે અને સત્સંગ પ્રવચન તા. ૨ માર્ચ સવારે ૮ થી ૧૨ કલાકે રાજયોગીની બ્રહ્માકુમારી સરલાબેન અને ડો. કેશુભાઈ દેસાઈ સાહિત્કાર ગાંધીનગર ઉપસ્થિત રહી વકતવ્ય પુરું પાડશે.

# જેસીઆઈ ગાંધીનગરનાં નવાં પ્રમુખ તરીકે સાત્વિક ત્રિવેદી શપથ લેશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં એક વર્ષના ટૂંકા ગાળામાં અનેક વિધ પ્રવૃત્તિઓ સાથે નામાંકીત થયેલી જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ એટલે કે જેસીઆઈના નવાં વરાયેલા પ્રમુખ સાત્વિક ત્રિવેદી આવતીકાલે એમનાં પ્રમુખ તરીકે શપથ લેશે.



કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી. કંપનીમાં એચ.આર. મેનેજર તરીકે કાર્યરત સાત્વિક ત્રિવેદી કંપનીમાં સૌના માનીતા છે અને દરેક કાર્યમાં અતિ ઉત્સાહથી સમર્પિત થાય છે. ઈવેન્ટ મેનેજમેન્ટમાં એ માસ્ટર મનાય છે. એમની સાથે કલ્પતરૂનાં જ કેતન ભાવસાર કે જેઓ પ્રોડકશનનાં મેનેજર છે તેઓ મંત્રી તરીકે કાર્યભાર સંભાળશે. સ્વભાવે અતિ આનંદી અને કામદારોનો આદર્શ કે.ડી. તરીકે ઓળખાય છે.

આ બંને જણા આ વર્ષની જેસીઆઈનું સુકાન સંભાળવા જઈ રહ્યાં છે અને એમનો ઈન્સ્ટોલેશન કાર્યક્રમ આવતીકાલે ગેઝીયા હોલમાં યોજાશે. માહિતી કમિશનર વી.એસ. ગઢવી અને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ સમગ્ર કાર્યક્રમની જવાબદારી ફાઉન્ડર પ્રેસિડેન્ટ કેતન નિર્મલે ઉપાડી છે.

# આજે બ્રહ્માકુમારી સે-૩ ખાતે સર્વધર્મ આત્માઓના પિતાની ચૈતન્યઝાંખી પ્રદર્શન ખુલ્લુ મુકાશે

ગાંધીનગર, તા.૨૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા શહેરમાં નવા સેવા કેન્દ્ર ખાતે પ્રદર્શનનો શુભારંભ કરવામાં આવશે. ત્યાર બાદ સર્વ ધર્મ આત્માઓના પિતાની ચૈતન્ય ઝાંખી અને આધ્યાત્મિક પ્રદર્શન અને ધ્યાન કુટીરનું આયોજન કરવામાં આવશે.

પ્રજાપિતા ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા શહેરના સેકટર-૩ ખાતે આજ રોજ શિવરાત્રીના પાવન દિવસે નવા સેવા કેન્દ્ર ખાતે પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવશે. સમદર્શન આશ્રમ સે-૧ના સમાનંદ ગુરુમા મુખ્ય




મહેમાન પદ શોભાવશે. તેમજ સ્થાનિક કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહેશે.

વિદ્યાલય દ્વારા સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪ થી ૮ સુધી સર્વધર્મ આત્માઓના પિતાની ચૈતન્ય ઝાંખી સહિત ધાર્મિક વકતવ્ય પુરું પાડશે તેમજ રામેશ્વર મંદિર સેકટર-૩-ડી ખાતે આધ્યાત્મિક રાજયોગ પ્રદર્શન યોજવામાં આવશે. અને ધ્યાન કુટીરનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમજ તા. ૨૮ ફેબ્રુઆરી અને ૧ અને ૨ માર્ચ સવારે ૮ થી રાત્રિના ૯ સુધી માનસિક શાંતિ અને ચિંતામુકત જીવન માટે રાજયોગ શિબિર યોજવામાં આવશે. સર્વે કાર્યક્રમમાં નગરજનોને લાભ લેવા માટે બી.કે. સુનિતાબેન દ્વારા જણાવવામાં આવ્યું છે.

## મફત ધ્યાન યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રિ શકિતપીઠ દ્વારા તા. ૧ માર્ચથી ૧૦ માર્ચ સુધી સવારે ૭-૦૦ કલાકે ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ખાતે મફત ધ્યાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં યોગાસન, પ્રાણાયામ, તણાવ નિયંત્રણ, પ્રાણાયામ સહિત વિવિધ ઉપયોગી યોગાસનો કરાવવામાં આવશે. શિબિરમાં નિષ્ણાતો ઉપસ્થિત રહી વિવિધ યોગના ફાયદા અને પ્રક્રિયાઓ જણાવશે. નગરજનોને ભાગ લેવા માટે૯૮૨૪૦૫૫૧૮૭૫ર સંપર્ક કરવા જણાવ્યું છે.



*હર હર મહાદેવ - મહા શિવરાત્રીના મહા પર્વે શહેરના શિવાલયો ભાવિકોથી છલકાશે. હિન્દુ શાસ્ત્રમાં ભગવાન શિવને કલ્યાણના દેવ ગણ્યા છે. તપ અને જપ દ્વારા શિવને પ્રસન્ન કરવા લઘુરૂદ્ર-મહારૂદ્ર જેવા યજ્ઞો તથા ભજન-ધૂન દ્વારા ભકિતભાવમાં નગરજીવન ઓતપ્રોત બનશે.*
*(તસવીર : દિપક જાની)*

# ઉર્જા ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવીએ : મોદી

## નીમચમાં સોલાર પાવર પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કરાયું : તિરંગા રાષ્ટ્રધ્વજની શાનરૂપે હરિતક્રાંતિ બાદ હવે કેસરિયા ક્રાંતિ થશે : ઉર્જા નીતિ માટે યુપીએની ભારે ઉદાસીનતાથી દુર્દશા થઈ : નરેન્દ્ર મોદીના પ્રહાર

ગાંધીનગર-નીમચ, તા.૨૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મધ્યપ્રદેશના નીમચમાં વેલસ્પનના સોલાર પ્લાન્ટના લોકાર્પણમાં જણાવ્યું હતું કે ઊર્જાક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનવાની સમયની માંગ છે. વિકાસ માટે ઊર્જાના પ્રાકૃતિક સંસાધનોનો મહત્તમ ઉપયોગ એ જ ઉત્તમ માર્ગ છે એમ તેમણે જણાવ્યું હતું. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે રહીને નરેન્દ્ર મોદીએ સોલાર પાવર પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું. વેલસ્પન એનર્જી કંપનીએ મધ્યપ્રદેશમાં ૧૫૧ મેગાવોટની સ્થાપિત વીજ ક્ષમતા ધરાવતો કરતાં આઠ મહિના વહેલો સૂર્યશક્તિથી વીજળી પેદા કરતો આ સોલાર પાવર પ્લાન્ટ ૮૮૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ થયો છે જેનાથી ૬,૨૪,૦૦૦ ઘરોને સૌરઊર્જાની વીજળી ઉપલબ્ધ



થશે. વેલસ્પન કંપની ગુજરાતના કચ્છ જિલ્લામાં પોતાના ઔદ્યોગિક એકમ ધરાવે છે. શિવરાજસિંહને મધ્યપ્રદેશના ઊર્જાવાન અને પાણીદાર મુખ્યમંત્રી તરીકે અભિનંદન આપતાં નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે સૌરઊર્જાના આ પ્લાન્ટથી મધ્યપ્રદેશે દેશને વીજળીનું નવું નજરાણું આપ્યું છે. વેલસ્પન ગ્રુપને પણ તેમણે ઊર્જાક્ષેત્રે આ પ્લાન્ટ દ્વારા દેશના વિકાસ માટે યોગદાન આપવા બદલ અભિનંદન આપ્યા હતા.

નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભાજપા એ એવી સરકાર છે જે જનતાનો અવાજ સમજે છે. (પાવર ટુ એમ્પાવર પિપલ) અમારે માટે સત્તા એ સામાન્ય માનવીના સશક્તિકરણનું સાધન છે, એમના માટે સંપૂર્ણ સત્તા એ સંપૂર્ણ ભ્રષ્ટાચારનું સાધન છે (એબ્સોલ્યુટ પાવર ફોર એબ્સોલ્યુટ કરપ્શન) પ્રાકૃતિક સંસાધનોથી ઊર્જાનું ઉત્પાદન કરીને ભારત બિનપરંપરાગત ઊર્જાક્ષેત્રે પોતાનું સામર્થ્ય બતાવી શકે છે પણ યુપીએ સરકાર ઉદાસીન જ રહી છે અને ભ્રષ્ટાચારને પ્રાથમિકતા આપી છે. દેશમાં પ્રાકૃતિક સંસાધનો, ઊર્જાવાન યુવાશક્તિ અને સામર્થ્યવાન સમાજ છતાં દેશ એક દશકમાં વિકાસથી નીચે જતો રહ્યો તેનો ઉલ્લેખ કરી વીજળીના કારખાનામાં ૨૦,૦૦૦ કે અનાજ ભંડાર હોય છતાં કોલસાના અબાવે વીજળી પેદા થાય નહીં, વીજળી વગર દેશના લોકો અંધકારમાં ડૂબે છતાં કોલસામાં ભ્રષ્ટાચાર થાય એવી દુર્દશા યુપીએ સરકારે કરી છે. ડોલરની તુલનામાં રૂપિયો અભૂતપૂર્વ રીતે ગગડતો રહે, કરન્ટ એકાઉન્ટ ડેફીસીટનું સંકટ વકરતુ જાય છે, કારણ કે કોલસાનું ઈમ્પોર્ટ કરવાની ઊર્જાનીતિ અપનાવી દેશના અર્થતંત્ર ઉપર બોજો વધારી દીધો છે. ભારતના નીતિનિર્ધારકોની ઊર્જા નીતિની ક્ષતિઓ દર્શાવતાં નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે હિમાલયમાંથી નીકળતી નદીઓના પાણીમાંથી હાઈડ્રો પાવર અને દરિયાકાંઠે વિન્ડ પાવર તથા મરૂભૂમિ-મેદાનોમાં સૂર્યશક્તિથી સોલાર પાવરના પ્રાકૃતિક સંસાધનો વિકસાવવાની સંભાવનાનો આઝાદી પછી કોંગ્રેસ સરકારોએ કોઈ વિઝનરી વિચાર જ કર્યો નથી. હિન્દુસ્તાનના તિરંગાના ત્રણ રંગ હરિત, સફેદ અને કેસરી રંગો છે અને દેશમાં કૃષિનું ગ્રીન રિવોલ્યુશન, વ્હાઈટ રિવોલ્યુશન (દૂધ) તથા હવે સેફરોને એનર્જી (કેસરીયો રંગ) રિવોલ્યુશન આવી રહ્યું છે. ભારતમાં સપ્તઊર્જા સ્વરૂપે ઊર્જારૂપી જ અશ્વરથ સવાર થઈને ઊર્જાક્ષેત્રે સ્વનિર્ભરતાની દિશાનું વિઝન તેમણે આપ્યું હતું.

## આજે સે-૨૧ શિવકથામાં વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા.૨૬

સેકટર-૨૧ અંબાજી મંદિર ખાતે ચાલતી શિવ મહાપુરાણ કથામાં શિવરાત્રીના પર્વને લઈ કથાકાર ભારતી બાપુ દ્વારા શિવકથા, જયોતિર્લીંગ પ્રાગટય કથા તેમજ પાંચ વર્ષની બાળકી દ્વારા બપોરે ૨.૦૦ કલાકે શિવ તાંડવ અને બાળ શિવજી વેશ ધારણ કરાશે અને રાત્રે ૯.૦૦ કલાકે ભારતી બાપુ દ્વારા ઓમ નમઃ શિવાયની અખંડ ધૂન અને ૧૨ વાગે મહાઆરતી કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમમાં નગરની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા જણાવાયું છે.

# આજથી શહેરમાં નમો બ્રાન્ડ સોડાનો શુભારંભ

ગાંધીનગર, તા.૨૬

આજથી નગરમાં મહાકાળી સોડા સેન્ટ્રના માલિક મહેન્દ્રકાકા દ્વારા નરેન્દ્ર મોદીના નામની નમો બ્રાન્ડ સોડાની નવી ફલેવરનું પીણું બજારમાં મુકાશે. આજે ૫૦૦૦ નાગરિકોને મફત પીણું પીવડાવાશે.

આજ રોજ મહાકાળી સોડા સેન્ટર ઘ-૨ કોર્નર ખાતે બપોરે ૧૨-૦૦ કલાકે ધારાસભ્ય અશોક પટેલ અને મેયર મહેન્દ્રસિંહ રાણાની ઉપસ્થિતિમાં સોડાનો શુભારંભ કરવામાં આવશે. નગરજનોને સોડા પીણાનો સ્વાદ લેવા માટે જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે મહેન્દ્રકાકાએ તેરમી વિધાનસભાના દરેક ધારાસભ્યોને સોડા પીવડાવવા માટે મુખ્યમંત્રી અને વિધાનસભાના અધ્યક્ષને લેખિત પત્ર પણ લખેલો છે.